# પેન્શનર્સ પ્રકાશ

જુલાઈ-૨૦૨૩


The Executive Committee and Editorial Team of SBIPA express their gratitude to the large number of pensioners who attended the Pensioners' Meet on 24.06.2023 – the first AGM of the newly elected SBIPA Team. The day commenced with an enthralling musical programme presented by Shri Pawan Kumar Matta, Shri Kailash Budhori and their team.

The Pensioners' Meet held at the Pandit Deendayal Auditorium, Ahmedabad, was attended by the office-bearers of the SBIPA, members of the Circle Management Committee (CIRMAC), retired senior SBI executives and retired office-bearers of the SBI Officers' Association, the SBI Employees' Union, the SBI SCST Employees' Welfare Association, some of the erstwhile executive committee members of the SBIPA and nearly 2000 pensioners from all over Gujarat, an unprecedented turnout for an AGM of the Association till date.

**Shri R.N. Chokshi,** President and **Shri Kamal Kadri,** General Secretary, SBIPA, Ahmedabad received and welcomed each one of the dignitaries on the dais – Shri Surender Rana-DMD, Shri Rajeev Kumar-CGM - HR designate, Shri Pranay Ranjan Dwivedi-GM (NW-II), Shri Shailesh Unnithan-GM (NW-I), Shri Debendra Sahoo-DGM (B&O)-Gandhinagar, Shri Vikram Jha-(DGM & CDO), Shri Ranjan Karan-GS, SBIOA, Shri Anil Davar-GS, SBIEU and Shri Piyush Vyas-GS, SEWA – with a floral bouquet and shawls.

The meeting commenced with a prayer and lighting of the lamp by the dignitaries on the dais.

**Shri Vikram Jha-**DGM & CDO welcomed all the dignitaries on the dais and the esteemed guests and reiterated that the Bank has always been taking excellent care of the financial and social needs of its retired staff members right from the beginning and has put in place various welfare measures for the benefit of its pensioners.

**Shri Kamal Kadri-**General Secretary, SBIPA, in his address, thanked the Circle management team for being present in the programme. He heartily congratulated Shri Surender Rana, Shri Rajeev Kumar on their promotion as DMD and CGM respectively, and conveyed the best wishes of all the pensioners of Circle to them for their future assignments. He specially thanked Shri Pranay Ranjan Dwivedi-GM (NW -II) who had come to attend the AGM despite his other personal commitment. Shri Kamal Kadri thanked Shri Shailesh Unnithan-GM (NW -I) on his personal behalf and on behalf of all the pensioners of the Circle for his involvement and proactive participation in the Grievance Redressal Fortnight organized by the bank for the benefit of pensioners. Shri Kamal Kadri made special mention of the extremely positive role played by Shri Surender Rana-DMD in the promotion process, observing that this was the first time that such a high proportion of promotions had taken place in the Circle. He thanked the DMD for his concerted efforts in pursuing and following up at every level of the promotion process.

Shri Kamal Kadri made special mention of Regional units like Rajkot, who are actively involved in marketing of bank's product to retain and gain further the market share in that area.

He requested the CIRMAC to initiate necessary steps to address suitable communication to branches to ensure that the pensioners going there to carry out transactions, are treated with due respect and dignity. Shri Kamal Kadri highlighted issues regarding (1) renewing/signing up for the Health Assist Policy due to data mismatch in the HRMS, (2) Disabled Child Policy of the Bank (requesting the Bank for guidelines regarding amendment in the certification by the civil surgeon), and (3) clarification on stagnation increment given in Bipartite X and Bipartite XI.

**Shri Surender Rana,** DMD at the outset appreciated the huge gathering and appreciated the energy and enthusiasm of the pensioners and thanked everyone for their best wishes on his promotion as DMD.

As the bank has now included all services under HRMS such as life certificate, holiday home booking, etc., he


વર્ષ-૧૬ • અંક : ૦૭
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

• પ્રકાશન સ્થળ •
એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

encouraged the pensioners to take the help of the youngsters at their homes to help them out with these tasks as digital is the way forward. The DMD made an appeal to Pensioners for marketing of deposits with all the zeal and enthusiasm at their command. In conclusion he offered best wishes for good health of all the pensioners and wished that each one of the pensioners would work as an ambassador for the bank, wherever they are.

**Shri Pawan Kumar Matta and Shri Kailash Budhori** were then felicitated by the DMD.

The following five pensioners above 90 years of age were felicitated by the DMD with suitable mementoes : (1) Shri Babubhai B. Marfatia (2) Shri Vadilal L. Desai (3) Shri John R. Mendonza (4) Shri G.R. Thula (5) Smt. Pushpaben K Shah.

**Shri Rajeev Kumar-CGM (HR)** lauded the spirit shown by the SBI Pensioners' Association assuring he would keep in mind the expectations of the pensioners of the Circle as CGM (HR) and make all efforts to work on them. He acknowledged the Pensioners' Association for working as State Bank Ambassadors, and requested everyone to continue doing that. He also agreed to the fact that pensioners should be given their due respect and dignity. He said he was impressed by the social media launch, he said that as State Bank's ambassadors, pensioners can not only help in improving the deposits and market share of the bank, but can also help in enhancing the image of the bank through social media. Shri Rajeev Kumar concluded his speech with best wishes to the pensioners who were celebrating their birthday on the day and to the health of all the pensioners.

**Shri Pranay Ranjan Dwivedi** also requested for contribution of the pensioners in developing the bank's business. Appreciating the launch of the social media page of SBIPA, he earnestly requested the pensioners not to use social media to raise any grievance there, as this would unnecessarily damage the reputation of the bank. Shri Dwivedi concluded his address with best wishes to the pensioners for a healthy and happy life.

**Shri Shailesh Unnithan, GM (NW-I)** also saluted the energy and spirit of the pensioners of Ahmedabad Circle who had turned up in such large numbers and had filled the hall to the brim. Shri Unnithan also appealed to the pensioners to be the ambassadors of the bank and bring in more and more new customers to its fold, especially people from the younger generation.

Referring to the social media presence of the SBIPA, he requested the pensioners to spread the news of good happenings relating to SBI, by retweeting such news. He concluded with best wishes to the pensioners.

Welcoming each and every dignitary on the dais and all the pensioners present at the meeting, **Shri R.N. Chokshi, President, SBIPA,** thanked all the pensioners for attending the meeting in such large numbers, thus demonstrating the unity of the pensioners. He informed that similar pensioners' meets are being arranged at all places in the Circle and there too a large number of pensioners remain present. He pointed out that the pensioners are contributing almost ₹ 10000 crores of business to the bank in the form of deposits of their retirement funds. He suggested that the Bank could provide an interest free loan like the Festival Loan equivalent to the Mediclaim premium payable, so that every pensioner who is receiving meagre pension can renew their Policy without any difficulty. He reinforced the need of the pensioners and other customers to be treated with due dignity and respect that they deserve.

Three of our senior pensioners who have done some outstanding work in social service area, were also felicitated with floral bouquets, shawl and memento.

1. **Shri Anupam Doshi,** who has been doing outstanding social work in Rajkot such as providing necessities to needy school children, running libraries and conducting marriages of orphan girls.
2. **Shri V.D. Desai,** who opted for VRS in 2001 and has been continuing social service work since 2002, provides help to upgrade the government schools in rural areas of Chhotaudepur. He also provides necessities to needy students and also ration kits and blankets to the very needy. Shri Desai has singlehandedly mobilized resources of ₹ 2 crores plus for this noble activity.
3. **Shri Suresh C. Rindani,** who was General Secretary of the SBI Officers' Association and was the President of the SBI Pensioners' Association since many years and has worked tirelessly for the benefit of the pensioners of the Circle.

Shri Suresh Rindani, erstwhile President SBIPA, Shri Ranjan Karan-GS, SBIOA, Shri Piyush Vyas-GS, SEWA and Shri Devendra Saoo-DGM (B&O), Gandhinagar also addressed the attendees. Shri Pravesh Nagar-AGM (PPG) gave the vote of thanks. The meeting was followed by a delicious lunch.

## અવિસ્મણીય... અદ્‌ભૂત...
## શાનદાર... જાનદાર... યાદગાર...

# પેન્શનર્સ મીટ... અને વાર્ષિક સાધારણ સભા

## અમદાવાદના આંગણે ઉભરાયો માનવ મહેરામણ...

વ્હાલા સાથીઓ,

નવી ટીમના નેતૃત્વમાં ઘણાં લાંબા સમય બાદ દેશની સૌથી મોટી પ્રિમિયમ બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનાં ગુજરાત રાજ્યના ૧૧ હજારથી વધુ પેન્શનરોના બનેલા બિનરાજકીય સંગઠન એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનની શાનદાર એસબીઆઈ પેન્શનર્સ મીટ અને વાર્ષિક સાધારણસભા હેરીટેજ સીટી અમદાવાદને આંગણે તા. ૨૪-૦૬-૨૦૨૩ના રોજ પંડિત દિનદયાલ ઉપાધ્યાય હોલમાં બે હજારથી વધુ પેન્શનરોની ઉપસ્થિતિમાં ઉત્સાહભેર વાતાવરણમાં યોજાઈ.

આ મિટીંગમાં પેન્શનરોનો અનેરો ઉમળકો, ઉત્સાહ જોવા મળ્યાં. આધુનિક ટેક્નોલોજીનાં ઉપકરણોથી મંચને સુશોભિત કરવામાં આવેલ. મહેમાનોને સૂત્રોચ્ચારની ગર્જના સાથે આવકારવામાં આવ્યા. મહેમાનોના આગમન પહેલાં સવારે ૯.૦૦ કલાકથી આપણા પરિવારનાં લોકપ્રિય ગાયકશ્રી પવનકુમાર મટ્ટા અને શ્રી કૈલાસ બુધોરીનાં ગૃપ દ્વારા સુરીલાં સંગીતથી લોકપ્રિય ગીતો દ્વારા મન મોહી લીધા. કાર્યક્રમના અતિથિઓ એસબીઆઈના ડેપ્યુટી મેનેજીંગ ડાયરેક્ટર માનનીય શ્રી સુરીન્દર રાણા, ચીફ જનરલ મેનેજર શ્રી રાજીવકુમાર, જનરલ મેનેજર નેટવર્ક-૧-૨ સર્વશ્રી પ્રણવ રંજન દ્વિવેદી અને શૈલેષ ઉન્નીથન, ડેપ્યુટી જનરલ મેનેજર અને સીડીઓ શ્રી વિક્રમ જહા, શ્રી દેવેન્દ્ર સાહુ, ડે. જનરલ મેનેજર (બી એન્ડ ઓ)-ગાંધીનગર, એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી અનિલ દાવર, એસબીઆઈ ઓફિસર્સ એસો.ના જનરલ સેક્રેટરીશ્રી રંજન કરણ, સેવાના જનરલ સેક્રેટરી શ્રી પિયુષ વ્યાસ અને આમંત્રિત મહેમાનો પેન્શનરોની વિશાળ હાજરી અને શિસ્તબદ્ધતાથી અવાક્ બની ગયા. કાર્યક્રમની અમુલ્ય ક્ષણો તેમના હૃદયને સ્પર્શી ગઈ અને કાર્યક્રમ એક ઉત્સવમાં ફેરવાઈ ગયો. પેન્શનરોમાં એક નવી શક્તિ, જાગૃતિ અને ખુશીઓનો સંચાર થયો. ઘણાં સમય પછી સૌ એક બીજાને પરસ્પર સ્નેહથી મળતા આ નજારો સ્નેહ મિલનમાં ફેરવાઈ ગયો. આમ આ પેન્શનર્સ મીટ અને વાર્ષિક સાધારણ સભા ઉપસ્થિત સૌના સ્મૃતિપટ પર કંડારાઈ ગઈ અને ઈતિહાસમાં એક પ્રકરણ સુવર્ણ અક્ષરે લખાયું.

કાર્યક્રમના નવા નજરાણા તરીકે એસબીઆઈ પેન્શનર્સ એસો.નું ફેસબુક પેજ, ઈન્સ્ટાગ્રામ, યુ-ટ્યુબ સહીતના સોશ્યલ મિડિયા પર પ્રસારણ કરવામાં આવ્યું. આ ઉપરાંત ૯૦ વર્ષથી ઉપરની વયના વડિલ પેન્શનરોનું લાગણીસભર સન્માન કરીને તેઓના આશિર્વાદ મેળવવામાં આવ્યા. આ પ્રસંગે બેંકના પેન્શનરો અને બેંકનું ગૌરવ એવા વર્ષોથી નિઃસ્વાર્થભાવે સેવાકાર્ય કરતા ત્રણ સેવાભાવી સ્વજનો સર્વશ્રી સુરેશભાઈ રિંડાણી, અનુપમભાઈ દોશી અને વલ્લભભાઈ દેસાઈનું વિશેષ સન્માન કરવામાં આવ્યું.



આપણા પરિવારના લોકપ્રિય કલાકાર શ્રી પવનકુમાર મહ્રાએ મોહમ્મદ રફીના અવાજમાં મનગમતા ગીતો રજૂ કર્યા. સંગીતની સુરાવલીઓ ભાઈશ્રી કૈલાસ બુધોરીએ રજૂ કરી. તેમની દીકરી ધારીણી એ પવનકુમારને સાથ આપ્યો. પરિવારના અન્ય કલાકારોમાં શ્રી પી. જી. પારઘી, શ્રી હિંમાશુ વૈદ્ય, શ્રી લાલભાઈ, શ્રી શિરીષભાઈ કચ્છીએ ગીતો રજૂ કર્યા.

**પેન્શનર્સ મીટ :**









એસબીઆઇ પેન્શનર્સ મીટની શરૂઆત ખૂબજ ઉત્સાહભર્યા વાતાવરણમાં થઈ. પેન્શનર્સ મીટના કાર્યક્રમમાં મંચસ્થ મહેમાનો એસબીઆઈના ડે. મેનેજીંગ ડાયરેક્ટર માનનિયશ્રી સુરિન્દરસિંહ રાણા, સીજીએમ માનનિય શ્રી રાજીવકુમાર, જનરલ મેનેજર નેટવર્ક-૧-૨ સર્વશ્રી પ્રણવ રંજન દ્વિવેદી અને શૈલેષ ઉન્નીથન, ડે. જનરલ મેનેજર અને સીડીઓ શ્રી વિક્રમ જહા, શ્રી દેવેન્દ્ર સાહુ-ડે. જનરલ મેનેજર (બી. એન્ડ ઓ) ગાંધીનગર, એસબીઆઇ એમ્પ્લોઈઝ યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી અનિલ દાવર, એસબીઆઇ ઓફિસર્સ એસો.ના જનરલ સેક્રેટરી શ્રી રંજન કરણ, સેવાના જનરલ સેક્રેટરી શ્રી પિયુષ વ્યાસ અને એસબીઆઈપીએના બંને સુકાની પ્રમુખશ્રી આર. એન. ચોક્સી અને જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

**પ્રાર્થના :** કાર્યક્રમના શુભારંભમાં મહેમાનોની ઉપસ્થિતિમાં શ્રી પવનકુમારે ઈશ્વરની આરાધના રજૂ કરતી પ્રાર્થના રજૂ કરી અને સૌને પ્રભુને યાદ કરવાનો સુંદર અવસર સાંપડ્યો.



એસબીઆઈ અમદાવાદ સર્કલના ડે. જનરલ મેનેજર અને સીડીઓ **શ્રી વિક્રમ જહા** બેંક તરફથી ઉપસ્થિત તમામ આમંત્રિત મહેમાનો, તમામ પેન્શનર્સ ભાઈઓ-બહેનોનું પેન્શનર્સ મીટમાં હાર્દિક સ્વાગત કર્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું કે આપણી બેંક નિવૃત્ત કર્મચારીઓની સેવા નિવૃત્તિ પછી આર્થિક અને સામાજિક સુરક્ષાનો ખ્યાલ શરૂઆતથી કરતી આવેલ છે. વીતેલા વર્ષોમાં બેંક ઘણાં બધા પાસાંઓની શરૂઆત કરી છે. જેની જાણ અન્ય મહાનુભાવો દ્વારા કરવામાં આવશે.



**જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીનું ઉદ્‌બોધન :** એસબીઆઈપીએના જનરલ સેક્રેટરી દ્વારા બેંકના ડીએમડી મા. રાણાસાહેબ, સીજીએમ શ્રી રાજીવકુમાર સાહેબ, તમામ જીએમ, સીડીઓ અને સીએમસીનો આજની પેન્શનર્સ પરિવારની પેન્શનર મીટ માટે કિંમતી સમય ફાળવ્યો તેના માટે ખૂબ ખૂબ ધન્યવાદ વ્યક્ત કર્યા. મા. રાણાસાહેબની આગેવાનીમાં ઓફિસરોના તમામ સ્કેલના વધુ પ્રમોશન માટે પણ તેમને બિરદાવ્યા. રાજકોટનાં ડે. જનરલ સેક્રેટરી શ્રી શરદચંદ્ર દવે, શ્રી અનુપમ દોશી અને તેમની ટીમ દ્વારા બેંકની તમામ પ્રોડક્ટો માટે કેમ્પેઈન કર્યું. બેંકે તમામને બ્રેડ અને બટર આપ્યા છે તેનું ઋણ પેન્શનરો ચુકવી રહ્યાં છે. આજની મિટીંગમાં ૯૦ વર્ષથી ઉપરની વયના વડીલ ૩૭ પેન્શનરોમાંથી પાંચનું આજની મિટીંગમાં સન્માન કરવામાં આવ્યું અને બાકીનાનું તેમના નિવાસસ્થાને અભિવાદન કરવામાં આવશે તેમ જણાવ્યું. વધુમાં પેન્શનરોનું બેંકમાં માન-સન્માન જળવાય તે માટે ડીએમડી અને સીજીએમ સાહેબને તમામ શાખાઓમાં પરિપત્ર દ્વારા જણાવવામાં આવે તેવી વિનંતી સાથે સહકાર આપવાની વાત કરી. એચઆરએમએસ ડેટા અપડેશન જેવાકે જીવન સાથીના નામ સુધારણા/ઉમેરવા વિગેરેમાં વધુ કામ કરવાની જરૂરિયાત પર ભાર મુક્યો. મેડીકલ પોલિસી ‘બી’ હેલ્થ પોલિસી પેન્શનરો માટે વરદાન રૂપ છે. તેને જાન્યુઆરી ૧ થી ૧૫માં રીન્યુ કરવાનું ભુલાય નહિં. ભૂતકાળમાં એપોલો ફાર્મસી, એસબીઆઈના પેન્શનરો માટે સારૂં કામ કરી રહી હતી, પરંતુ બેંકે આ વખતે તાતા ૧એમજી સાથે સમજુતી કરી છે. પણ પેન્શનરોમાં ડાયાબીટીસ, હાઈ બી.પી. વગેરેની નિયમિત લેવી પડતી દવાઓ સમયસર, પૂરતી અને ઓર્ડર પર ધ્યાન નહિ આપીને તાતા ૧એમજી દ્વારા ઘણા બધાં પ્રશ્નો ઉભા થયેલ છે. તો સીજીએમ એચ.આર. શ્રી રાજીવકુમારને વિનંતી કે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે એપોલો ફાર્મસી જેવી કંપનીઓ સાથે પણ ગોઠવણ કરી પેન્શનર્સની મુશીબતો દુર કરવા જણાવ્યું. ડીસેબલ ચાઈલ્ડનો ઈસ્યુ પરેશાન કરી રહ્યો છે. તેમાં સીવીલ સર્જનનાં રિપોર્ટમાં એક લાઈન જે ઉમેરવાનો આગ્રહ કરેલ છે. તેમાં ઘણી મુશ્કેલીઓ પડી રહી છે તો આ બાબતમાં જરૂરી કાર્યવાહી કરી સમસ્યા ઉકેલવામાં મદદ કરે. ક્લેરીકલમાં ડેટા અવેલેબલ દરેક વખતના બીપીએસની સાથે સ્ટેગ્નેશન ઈન્ક્રિમેન્ટને લગતા મુદ્દાઓ અને ખાસ ૭માં બીપીએસમાં એવોર્ડ સ્ટાફના પેન્શનર્સને મળવા પાત્ર ઈન્ક્રિમેન્ટ બેંક પાસેથી રીટાયરમેન્ટના પહેલાના ૧૨ મહિનાની પગારની વિગતો બેંક પાસે હોઈ તેઓને મળતું ઈન્ક્રિમેન્ટ માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યું. ઘણાં કેસમાં બેંક પાસે ડેટા અવેલેબલ નહી હોવાથી એમને સ્ટેગ્નેશન ઈન્ક્રિમેન્ટ નથી મળી રહ્યા તે બાબતમાં જરૂરી રસ્તો કાઢવા જણાવ્યું. અંતમાં આજની મિટીંગમાં સીએમસીના બધા જ હાજર રહ્યા તે માટે તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.



### ડીએમડી શ્રી રાણા સાહેબનું ઉદ્‌બોધન :

એસબીઆઈના ડીએમડી શ્રી રાણા સાહેબે પોતાના વક્તવ્યમાં સૌથી પહેલાં સૌને દિલથી નમસ્કાર કર્યા. કેવો નજારો છે - હોલના પ્રાંગણમાં મુખ્ય દરવાજાથી લઈને જે આવકાર મળ્યો, સૂત્રોચ્ચારની ગર્જના સાથે સ્વાગત થયું અને હોલમાં પ્રવેશ થયો ત્યાં સુધીમાં જે જોશ, લાગણી, ઉત્સાહ જોયો ત્યારે ક્ષણભર એમને લાગ્યું કે તેઓ મહમદ રફીના કાર્યક્રમમાં આવ્યા છે કે શું? એવો અનુભવ થયો. કાદરીજીએ જણાવ્યું કે ૧૭ હજાર પેન્શનરો છે. જેમાં ૭૫ વર્ષથી વધુ વયના ૨૫૦૦થી ઉપર છે. ૯૦ વર્ષથી વધુ વયના ૩૭ પેન્શનરો છે. ત્યારે આપ સહું આપના સ્વાસ્થ્યની સરસ સંભાળ રાખો છો એની પ્રતિતિ થઈ. એમણે તમામ પેન્શનરો માટે ભગવાન પાસે એક જ આશિર્વાદ માગ્યા કે જેટલી તમે બેંકમાં નોકરી કરી એટલા વર્ષ તમને બેંકનું પેન્શન મળે. તમે જે છોડ વાવ્યો હતો તે આજે મોટું વૃક્ષ બની ગયું છે. આજે સ્ટેટ બેંકનો રેકોર્ડ બ્રેક નફો રૂા. પચાર હજાર કરોડથી વધુ થયો છે. આપણા સહુનો સહીયારો પ્રયત્ન છે. જેનાથી અમને ઈજ્જત મળી છે. જેના થકી બેંક કર્મચારી અને પેન્શનરોને સાચવવા માટે કમીટેડ છે. અમદાવાદ સર્કલનો નફો છેલ્લા વર્ષમાં રૂા. ૩૮૦૦/- કરોડથી વધુ આવ્યો છે. આપ સહુની મહેનતનું પરિણામ છે. વધુમાં જેમને પ્રમોશન મળ્યું છે તેમને ખૂબ ખૂબ

અભિનંદન. એચઆરએમએસની વાત કરતા કહ્યું કે બેંક ડીજીટલ થઈ રહી છે. હવે લાઈફ સર્ટીફીકેટ, હોલીડે હોમ બુકીંગ વગેરે એચઆરએમએસ દ્વારા જ થશે. એટલે જેમને તકલીફ થઈ રહી હોય તેમને તેમના પૌત્ર/પૌત્રી શીખવાડશે. ટાટા ૧એમજીની વાત કરતા કહ્યું કે ટાટા ૧એમજીમાં તકલીફ પડી રહી છે. ટૂંક સમયમાં તેઓ બધા મુદ્દાઓનાં ઉકેલ લાવવા પ્રયત્નશીલ છે. પેન્શનરોના માન-સન્માનની વાત આમ તો આવવી જ ન જોઈએ. કારણ કે બધાએ નિવૃત્ત થવાનું જ છે. પેન્શનરોને માનસન્માન મળવું જ જોઈએ અને ખાસ કરીને બેંકના પેન્શનરોને માન-સન્માન અને તેમને કોઈ તકલીફ ના પડે તેનું ધ્યાન રાખવું જોઈએ. જયાં સિદ્ધિઓ મેળવીએ છીએ ત્યાં પડકારો પણ આવે છે. બેંકમાં હાલમાં એક ચેલેન્જ છે. ડીપોઝીટની. બીજી બેંકોની સરખામણીમાં આપણો ડીપોઝીટ ગ્રોથ ઓછો છે. જેમાં ફીક્સ ડિપોઝીટની સાથે લો કોસ્ટ ડીપોઝીટ, એટલે કે બચત અને ચાલુ ખાતામાં ઓછા વ્યાજે ડીપોઝીટ મળી શકે. તો આપ સહુએ બેંક માટે આપના સગા-સંબંધી-મિત્રો પાસેથી બેંકને ડીપોઝીટ મળે તે બાબતે પ્રયત્ન કરવા જોઈએ. એમણે સીજીએમ, એચઆરશ્રી રાજીવકુમારને નમ્ર અપીલ કરી કે પેન્શનરોના જે પ્રશ્નો છે તેમાં કામ કરીને તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવે. સર્કલ લેવલના પ્રશ્નોમાં પણ સંપૂર્ણપણે ધ્યાન આપવામાં આવશે અને તમામ કાર્ય થશે એમ ખાત્રી આપતા કહ્યું. વધુમાં તમે બેંકના એમ્બેસેડર છો એમ જણાવી બેંક માટે કામ કરવાની અપીલ કરી. અંતમાં તમામ પેન્શનરોનાં તંદુરસ્તમય સ્વાસ્થ્ય માટે શુભકામના પાઠવી.





એસબીઆઈના ડીએમડી માનનિય શ્રી સુરિન્દર રાણા સાહેબ અને મંચસ્થ મહેમાનો દ્વારા એસબીઆઈ પેન્શનર પરિવારના ૯૦ વર્ષથી ઉપરની વયના વડીલો સર્વશ્રી બાબુભાઈ મારફતીયા, વાડીલાલ દેસાઈ, જોન આર. મેન્ડોઝા, જી.આર. થુલા, પુષ્પાબેન કે. શાહનું પ્રેમના પ્રતિક રૂપે પુષ્પોથી, દ્વારકાધીશની પ્રસાદી તેમજ સ્મૃતિચિન્હ અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું.



એસબીઆઈ પેન્શનર્સ પરિવારના લોકપ્રિય ગાયક **શ્રી પવનકુમાર મટ્ટા** અને સંગીતકાર **શ્રી કૈલાસ બુધોરીનું** ડીએમડી શ્રી સુરીન્દર રાણા સાહેબ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું.

એસબીઆઈ પેન્શનર્સ પરિવારના અમૂલ્ય રત્નો જેમની અવિરત સામાજિક સેવાઓને ધ્યાનમાં લઈ સર્વશ્રી અનુપમભાઈ દોશી, સુરેશભાઈ રિંડાણી અને વી. ડી. દેસાઈનું એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન દ્વારા મંચસ્થ મહેમાનોના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું અને તેમના તંદુરસ્ત જીવન માટે શુભકામનાઓ પાઠવવામાં આવી.





**સીજીએમ શ્રી રાજીવ કુમારનું સંબોધન :** શ્રીરાજીવ કુમારે તેમના સંબોધનમાં નમસ્કાર સાથે જણાવ્યું કે સન્માનિય બુઝુર્ગ નહીં પણ આપણા માર્ગદર્શક, પથદર્શક કહ્યા. આજનો દિવસ એમના માટે એક લર્નીંગ લઈને આવ્યો છે. આપ સૌ જંગી મેદની સ્વરૂપે શિસ્તબદ્ધ રીતે બેઠા છો તે માટે સૌને વંદન કર્યા. આ બાબત આપના પાસેથી શીખવાની છે. અમદાવાદ સર્કલમાંથી ટૂંક સમયમાં જવાના છે ત્યારે સાથે અહીંનો પ્યાર લઈને જશે. શ્રી કમાલ કાદરીજીએ જે બાબતો રજુ કરી છે તે તેઓ સાથે લઈને જશે અને સીજીએમ એચ.આર.ની હેસીયતથી તેઓની કોશીષ રહેશે કે તેની ઉપર તેઓ કામ કરશે. કેટલીક બાબતો એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનના સહયોગથી પ્રાપ્ત થઈ છે. તેમાં ખાસ કરીને તેમના નેટવર્ક રાજકોટમાં ઘણી બધી એક્ટિવીટી કરી છે. તેનો તેમણે સ્વીકાર કર્યો. તેઓને ગર્વ થાય છે કે રોજીંદા કામની સાથે બેંક માટે ખભેખભા મિલાવીને જે કામ કર્યું છે તે માટે આપણા ઋણી રહેશે. આપ સૌ બેંકના એમ્બેસેડર છો તેને ચાલુ રાખજો. સૌથી નાની પરંતુ મોટી વાત શાખાઓમાં આપના માન-સન્માનની છે. શાખાઓમાં કામ કરતાં કર્મચારી આપણા બાળકો જેવા છે. તેમને આગળ શું કરવું તે શીખવવાનું છે. બીજી બાબત આજે અહીં એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશને સોશ્યલ મિડીયા લોન્ચ કર્યું તેમાં આપ સૌ જોડાઈને બેંકના ગ્રાહકોને ઓનલાઈન બેંકીંગની સુવિધા સમજાવી શકશો તે આપણને આગળ લઈ જશે. બેંકનો નફો તથા માર્કેટ શેર વધારવા આપનું યોગદાન જોઈશે. જે એસબીઆઈને ઘણી ઉંચાઈએ લઈ જશે. આજે જેમનો જન્મ દિવસ છે તેમને શુભકામનાઓ પાઠવી. આજે જેમનું અભિવાદન કર્યું અને કરવા જઈ રહ્યાં છીએ તે તમામને સ્વસ્થ જીવન માટે શુભકામનાઓ પાઠવી. તેમણે આશા વ્યક્ત કરી કે આપ સહું આજ રીતે અમારૂં માર્ગદર્શન કરતા રહેશો. ધન્યવાદ.



એસબીઆઈ જનરલ મેનેજર નેટવર્ક-૨ **શ્રી પ્રણવ રંજન દ્વિવેદી**એ સૌને નમસ્કાર સાથે પોતાના વક્તવ્યમાં કહ્યું કે સૌ પ્રથમ પેન્શનર્સ એસોસીએશના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીનો ધન્યવાદ કરૂં છું. આજે અહીં અમને આમંત્રિત કરીને અમારૂં સન્માન કર્યું. જ્યારે હોલમાં પ્રવેશ કર્યો ત્યારે શ્રી પવનકુમારનું ગીત ચાલતું હતું. જાણે પવનમાં સંગીત વહી ના રહ્યું હોય! તેવી અનુભૂતિ થઈ. ડીએમડી સાહેબે જે અનુરોધ કર્યો કે ૧૭૦૦૦ પેન્શનરો જો એક એકાઉન્ટ પણ બેન્ક માટે લઈ આવે તો ૧૭૦૦૦ એકાઉન્ટ થઈ જશે. જે બેંક માટે ખૂબ જ સારી વાત હશે. આજે સોશ્યલ મિડિયાની શરૂઆત પેન્શનર એસોસીએશન દ્વારા કરવામાં આવી તે ખૂબ જ પ્રશંસનીય બાબત છે. જે અત્યારની પેઢી માટે ખૂબ જ પ્રેરણાદાયક વાત છે. અંતમાં તમામ પેન્શનરોને સ્વસ્થ જીવન માટે શુભેચ્છા પાઠવી.



એસબીઆઈના જનરલ મેનેજર નેટવર્ક-૧ **શ્રી શૈલેષ ઉન્નીથન** દ્વારા કેમ છો મજામાં! એવા ઉદ્‌ગાર સાથે સૌને નમસ્કાર કર્યા. પેન્શનરોની વિશાળ સંખ્યામાં હાજરીને જોતા અને અનેરા ઉત્સાહ માટે સૌને અભિનંદન પાઠવ્યા. આજના દિવસે આપ સૌને મળવાનું થયું તેનો ખૂબ જ આનંદ છે. બદલાતા સમયમાં બેંક માટે ખોટી માહિતીને રોકવા આપની મહત્વની ભૂમિકા છે. સૌ પેન્શનરોનું નેટવર્ક-૧ની શાખાઓમાં માન-સન્માન સાથે સ્વાગત છે. બેંકના માર્કેટ શેર માટે આપ સૌ બેંકના એમ્બેસેડર છો. સ્ટેટ બેંક પરિવારને જોડવાનું કામ છે. સારી માહિતીને સોશ્યલ મિડિયા દ્વારા લોકો સુધી પહોંચાડો. આજના દિવસે જેમનો જન્મ દિવસ છે. તેમને શુભકામનાઓ પાઠવી અને આપણા સૌની શિસ્તબદ્ધ જીવનશૈલી માટે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા.



એસબીઆઈ પેન્શનર્સ એસોશીએશનના **પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી**એ પોતાના વક્તવ્યમાં જણાવેલ કે આપ સૌએ પ્રોત્સાહન પૂરૂં પાડ્યું તે માટે આપ સૌનો ખૂબ ખૂબ ધન્યવાદ. આજે જંગી મેદની સ્વરૂપે આપ ઉપસ્થિત રહ્યાં છો તેના માટે પણ આપને ખૂબ ખૂબ અભિનંદન. બેંકના કારણે આપણને સોસાયટીમાં, સમાજમાં આગવી ઓળખ મળી છે. ૧૭૦૦૦ પેન્શનરો જો એક કરોડનો બિઝનેસ લાવે તો ૧૭૦૦૦ કરોડનો બિઝનેશ બેંક માટે થઈ શકે. મેડીકલ 'બી' પોલિસી ફેમિલી પેન્શનર્સ માટે સુચન કરતા જણાવ્યું કે તેના પ્રિમિયમ માટે ફેમિલી પેન્શનર્સને ફેસ્ટીવલ લોન રૂપે ૨૦૦૦૦ રૂપિયા દસ હપ્તામાં આપવામાં આવે તો તેમને ખૂબ જ સહાય થશે. વધુમાં દરેક આરબીઓ લેવલે એક ડિસ્પેન્સરીની જોગવાઈ કરવામાં આવે તો પેન્શનરોની ઘણીબધી મુશ્કેલીઓ દૂર થઈ શકે એ માટે નમ્ર વિનંતી કરી. દરેક આરબીઓ લેવલે પેન્શનર્સ મીટનું આયોજન કરવામાં આવે. ઉપરાંત બેંક મેનેજમેન્ટ દ્વારા અમદાવાદ ખાતે તેમજ બરોડા ખાતે જે ઓફિસ આપવામાં આવી છે તે પ્રમાણે બાકીના એડમિન લેવલે ઓફિસોની વ્યવસ્થા કરી આપવા વિનંતી કરી. મેડીકલ ક્લેઈમ બાબતમાં એચઆર, તાતા ૧એમજી, આનંદ રાઠી સાથે મળીને કાર્ય કરે તો મોટાભાગના પ્રશ્નોને ઘટાડી શકાય. સ્ટેટ બેંક આજે નંબર-૧ છે. આજથી ૨૦૦ વર્ષ સુધી બિઝનેશમાં

નંબર વન રહે તે માટેનો સહયોગ હંમેશા રહેશે. આજના યાદગાર પ્રસંગે આપણા સૌની ઉપસ્થિતી માટે ફરી એક વાર સૌને ધન્યવાદ પાઠવ્યા.



એસબીઆઈ ઓફિસર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી **શ્રી રંજન કરણે** પોતાના વક્તવ્યમાં સૌ પ્રથમ સૌને સાદર પ્રણામ કર્યા. સૌને સાથે રાખીને જેમના માર્ગદર્શન હેઠળ આગળ વધતાં વધતાં જનરલ સેક્રેટરીના પદ પર પહોંચવા માટે જેમનો હંમેશા સાથ અને સહયોગ રહ્યો છે એવા પેન્શનર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીનો આભાર વ્યક્ત કર્યો. સાથે સાથે પિનાકીનભાઈ બ્રહ્મભટ્ટ, નિલેષભાઈ રાડીયાના સહયોગની વાત કરી. આજના કાર્યક્રમમાં ખૂબ જ અદ્દભૂત ક્ષણો નિહાળી. ખાસ કરીને ૯૦ વર્ષની ઉપરની વયના વડીલોનું સન્માન કરી પૂર્વ લીડરોનું પણ સન્માન કર્યું તે પ્રસંગ અમારા સૌના દિલમાં હંમેશા રહેશે. આ માટે પેન્શનર્સ એસોસીએશનના શ્રી કમાલભાઈ અને શ્રી આર. એન. ચોક્સીને અભિનંદન પાઠવ્યા. એસબીઆઈનું નામ આગળ લઈ જવા માટે સૌને અનુરોધ કર્યો. સ્ટેટ બેંક નંબર વન પર કાર્યરત છે. આવનારા સમયમાં એસોસીએશન, બેંકને, ગ્રાહકને અને આપ સૌને મહત્તમ યોગદાન આપશે. બેંકનો ધ્વજ હંમેશા લહેરાતો રહે અને આપણે સૌ બેંકના એમ્બેસેડર તરીકે રહીએ તેવી આશા સાથે સૌનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો.




એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયનના જનરલ સેક્રેટરી **શ્રી અનિલ દાવરે** પોતાની વ્યસ્તતા હોવા છતાં ઉપસ્થિત રહીને આજના કાર્યક્રમની શોભા વધારી અને જણાવ્યું હતું કે એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયન તમામ પેન્શનરો સાથે છે. બેંક સાથે છે અને સૌને તંદુરસ્તમય જીવનની શુભકામનાઓ પાઠવી.



એસબીઆઈ એમ્પ્લોઈઝ એસસીએસટી વેલ્ફેર એસોસીએશનના જનરલ સેક્રેટરી **શ્રી પિયુષ વ્યાસે** જણાવ્યું કે જુના સાથીઓની સુંદર કામગીરી જોઈને આંખમાં હર્ષના આંસુ આવે છે અને અત્યારની પેઢી માટે એમની કામગીરી પ્રેરણારૂપ છે. આજના દિવસે પેન્શનરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં તે માટે તેઓએ સૌને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા. સાથે રાજકોટના શ્રી અનુપમ દોશીની વાત કરતા કહ્યું કે રાજકોટમાં તેઓ ઘણી બધી સેવાની પ્રવૃત્તિઓ કરે છે ત્યારે તેમના માટે સુચન છે કે બેંક જે નફો કરે છે તેમાંથી સીએસઆરમાં ફાળવેલી રકમમાંથી આવા સેવાના કામોમાં ફાળવી શકાય તો આવા સેવાના ભેખધારી સુધી પહોંચે તો સમાજને મોટો ફાયદો થશે. વધુમાં મિનિસ્ટ્રી ઓફ ફાઈનાન્સ દ્વારા પેન્શનરોના પેન્શન રીવીઝન માટે કમિટી ગઠન કરવામાં આવી તે માટે સૌને અભિનંદન પાઠવ્યા.



એસબીઆઈ ગાંધીનગર મોડ્યુલના ડીજીએમ **શ્રી દેબેન્દ્ર સાહુ** પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે એમના સમયમાં પેન્શનર્સ મીટ કરવાની વાત ચાલતી હતી પણ આજે એમને આનંદ થયો કે આજની પેન્શનર્સ મીટમાં સહભાગી થવાનો મોકો મળ્યો. ખાસ કરીને ગાંધીનગર મોડ્યુલમાં પેન્શનરોના માન-સન્માન માટે એમની સાથે સારો વ્યવહાર થાય તે માટે જરૂરથી પરિપત્ર ઈસ્યુ કરશે અને એ બાબતમાં સૌનું ધ્યાન દોરશે. પેન્શનર્સ એસોસીએશન દ્વારા એમને આમંત્રિત કર્યા તે માટે ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો.



સ્ટેટ બેંક પીપીજી ડિપાર્ટમેન્ટના એજીએમ **શ્રી નાગર** દ્વારા આભાર વ્યક્ત કરતા સૌ વરિષ્ઠ સાથીઓને સૌ પ્રથમ પ્રણામ કર્યા. મિટીંગમાં ગુજરાતના ખૂણે ખૂણામાંથી પેન્શનરો પધાર્યા છે અને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી તે માટે આપ સૌ એકવાર તાળીઓ વગાડશો. આજની મિટીંગની સફળતામાં વોલિન્ટીયર્સે સુંદર કામગીરી બજાવી છે. તેમનો પણ ખૂબ ધન્યવાદ કર્યો. ધન્યવાદની સાથે બેંકની વાત કરતાં કહ્યું કે એચઆરએમએસ પોર્ટલથી તમામ સાથીઓ વાકેફ થાય અને યુવાન સદસ્યોના માધ્યમથી તેનો ઉપયોગ કરે સાથે બેંકની યોનો સીસ્ટમનો પણ ઉપયોગ કરે. સાઈબર ક્રાઈમમાં કોઈને પણ ઓટીપી શેર ના કરે. કોઈપણ લીંક ઓપન ના કરે. તેમ વિનંતીપૂર્વક જણાવ્યું. સુપર સિનિયર સીટીઝનનું અભિવાદન ખૂબ જ મહત્વની બાબત છે. એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશને બેંકને સહભાગી બનાવ્યા તે માટે ખૂબ ખૂબ ધન્યવાદ વ્યક્ત કર્યા. સાથે ફરી એકવાર આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રત્યક્ષ કે પરોક્ષ સહયોગ આપનાર તમામનો દિલથી ધન્યવાદ વ્યક્ત કર્યા અને સૌને સ્વરૂચિ ભોજન માટે આમંત્રિત કર્યા. ધન્યવાદ.

**ખાસ નોંધ : વાર્ષિક સાધારણ સભાના વર્ષ ૨૦૨૨-૨૩ના વાર્ષિક હિસાબ તેમજ પાસ થયેલ એમેન્ડમેન્ટ ઓગસ્ટ મહિનાના પેન્શનર્સ પ્રકાશમાં છાપવામાં આવશે. તેની નોંધ લેવા વિનંતી.**

## THE SBI PENSIONERS' ASSOCIATION, AHMEDABAD HEARTILY WELCOMES

### Shri Kshitij Mohan, Chief General Manager and the new captain of Team Ahmedabad



Shri Kshitij Mohan joined bank has Probationary Officer in 1990 and held various positions in India and overseas, across multiple functions, viz. AGM (RM) and DGM (RM) at Corporate Accounts Group, GM (CRT) and CGM (Credit Review) at Corporate Centre. His previous posting at Corporate Centre was as CGM (CCG-II), in charge of branches spread across the states of West Bengal, Odisha, Madhya Pradesh, Chhattisgarh, Gujarat and Maharashtra (excluding Mumbai Metro), before being posted as CGM, Ahmedabad Circle. Shri Kshitij Mohan holds a Master's degree in Business Administration (Finance) and has more than three decades of banking experience.

The SBIPA, Ahmedabad wishes Shri Kshitij Mohan a successful and fruitful tenure in the Circle.



### Shri Gopal Jha, General Manager - NW-III

Shri Gopal Jha Joined as Probationary Officer in 1995 and has held various assignments as field officer, Branch Manager, Deputy General manager (B&O) at Gwalior, Bhopal Circle.

The State Bank of India Pensioners Association, Ahmedabad wishes Shri Gopal Jha successful and rewarding tenure in the circle.



### Shri Vikram Jha, DGM & Circle Development Officer

Shri Jha joined the Bank as a Probationary Officer in June 1994 and has worked in Patna and New Delhi Circles, holding various operational assignments, including a stint with the Department of Financial Services (DFS), Government of India. He was transferred to Ahmedabad Circle on his promotion as DGM in May 2023, and has been posted as DGM & Circle Development Officer since 23/06/2023.

The SBIPA, Ahmedabad wishes Shri Vikram Jha a successful and fruitful tenure in the Circle.

**Shri Subrata Ranjan Das-AGM PPG** assumed charge as Asst. General Manager, PPG LHO Ahmedabad. The SBIPA, Ahmedabad wishes Shri Subrata Ranjan Das a successful and fruitful tenure in the Circle.

**Shri Mithilesh Kumar** assumed charge as Deputy General Manager (B&O) at Ahmedabad Administrative office.

**Shri Debendra Kumar Shahoo** assumed charge as Deputy General Manager (B&O) at Gandhinagar Administrative office.

**Shri Vijay Kumar Deepak** assumed charge as Deputy General Manager (B&O) at Vadodara Administrative office.

**Shri Dipak Singh Chandel** assumed charge as Deputy General Manager (B&O) at Surat Administrative office.

**Shri Ajit Kumar** assumed charge as Deputy General Manager (B&O) at Bhavnagar Administrative office.

**Shri Asutosh Sharma** assumed charge as Deputy General Manager (B&O) at Rajkot Administrative office.

# વાર્ષિક સાધારણ સભા

વાર્ષિક સાધારણ સભાની શરૂઆત પ્રભુને યાદ અને વંદન કરી કરવામાં આવી. નવી ટીમે એસબીઆઈપીએનો કાર્યભાર સંભાળ્યા પછી પ્રથમ સાધારણ વાર્ષિક સભામાં જંગી મેદની સ્વરૂપે પેન્શનરોની હાજરીથી એક નવો ઉત્સાહ અને વાતાવરણ જોવા મળ્યું. આમંત્રિત મહેમાનોમાં ઓફિસર્સ એસોસીએશનના, એમ્પ્લોઈઝ યુનિયન, સેવાના ભૂતપૂર્વ પદાધિકારીઓ ઉપસ્થિત રહીને વાર્ષિક સાધારણ સભાની શોભામાં અભિવૃદ્ધિ કરી. આપણા પેન્શનર્સ પરિવારના દિવંગત સભ્યો માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. આપણા પૂર્વ જનરલ સેક્રેટરી શ્રી સુરેશભાઈ ગોરની નાદુરસ્ત તબિયતમાંથી જલ્દી સાજા થાય તે માટે ઈશ્વરને પ્રાર્થના કરી.






ચૂંટણી કમિશનર **શ્રી એ. બી. સોલંકી તથા શ્રી સી. એમ. પરીખ** દ્વારા ત્રિવાર્ષિક ચૂંટણી-૨૦૨૩ થી ૨૦૨૬, તા. ૨૬-૨-૨૦૨૩ના રોજ યોજાયેલ ચૂંટણીનું પરિણામ જાહેર કરી સભાનું અનુમોદન મેળવ્યું. ચૂંટણીની જવાબદારીપૂર્ણ અને સરળ રીતે કામગીરી કરવા બદલ પ્રેસિડેન્ટ અને જનરલ સેક્રેટરી દ્વારા શ્રી એ. બી. સોલંકી અને શ્રી સી. એમ. પરીખનું અભિવાદન કરવામાં આવ્યું.




**પ્રમુખશ્રી આર. એન. ચોક્સીએ** સૌ હાજર સભ્યોનું ઉષ્માભેર હાર્દિક સ્વાગત કરતા જણાવ્યું કે ચૂંટણી એક પ્રક્રિયા હતી અને તે સંપૂર્ણ થયા બાદ હવેથી કોઈ પરિવર્તન પેનલ કે ભરોસા પેનલ અસ્તિત્વમાં રહેતી નથી અને રહે છે તો ફક્ત પેન્શનર્સ પરિવાર. ચૂંટણી દરમિયાન જે વાયદાઓ સંકલ્પપત્રમાં કરવામાં આવેલ છે તે અને તેનાથી વધુ કરવા માટે અમારી સમગ્ર ટીમ કાર્યશીલ છે, સક્ષમ છે અને સભ્યોની અપેક્ષાને પુરતો ન્યાય આપવામાં આવશે એની ખાત્રી આપતાં સૌ સભ્યો તરફથી મળતા માર્ગદર્શન, સલાહ, સુચનોને ધ્યાનમાં લઈ ઘટતું કરવાની ટીમ વતી ખાત્રી આપી.

તા. ૧૪-૩-૨૦૧૯ના રોજ યોજાયેલ વાર્ષિક સાધારણ સભાની મિનિટ્સ વંચાણે લીધી જે હાજર સભ્યો દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવી.




**શ્રી કમાલ કાદરી, જનરલ સેક્રેટરી** દ્વારા જનરલ સેક્રેટરીનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો અને સર્વસંમતિથી મંજુર કરવામાં આવ્યો. રિપોર્ટમાં સભ્યોને પડતી મુશ્કેલી જેવી કે શાખામાં માન-સન્માન જળવાવવું, ટાટા વન એમજીને લગતા પ્રશ્નો, ડિસેબલ ચાઈલ્ડને ફેમિલી પેન્શનનો લાભ અપાવવા બાબત સ્ટેગ્નેશન ઈન્ક્રિમેન્ટ વિગેરેની છણાવટ કરી અને અત્યાર સુધી કરેલ કાર્યોથી સભ્યોને વાકેફ કર્યા.



**શ્રી કમલેશ શાહ-ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી** દ્વારા તા. ૧૪-૩-૨૦૧૯ના રોજ યોજાયેલ વાર્ષિક સાધારણ સભાની મિનિટ્સ વાંચવામાં આવી અને વિચાર વિમર્શ બાદ સર્વાનુમતે મંજુર કરવામાં આવી.




આપણા **ઉપપ્રમુખશ્રી ચિંતકભાઈ પટેલ** દ્વારા આજની વાર્ષિક સાધારણ સભામાં સભ્યોની મોટી સંખ્યામાં હાજરીને બિરદાવતા જણાવ્યું કે "કલિયુગે સંઘ શક્તિ." ઈ-એસબીએસ મર્જરના લગભગ ૧૫ વર્ષ વીતી જવા છતાં આજે પણ વિવિધ પડતર પ્રશ્નો પ્રત્યે વિશેષ ધ્યાન આપી બેંક સમક્ષ સચોટ રજુઆત કરી નિરાકરણ લાવવા અમારી પ્રાથમિકતા રહેશે.




એસબીઆઇ પેન્શનર્સ એસો. અમદાવાદ સર્કલના **વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘીએ** પોતાના વક્તવ્યમાં આપણાં સૌની એકતાને વિશેષ પ્રાધાન્ય આપ્યું. સાથે સાહિત્યમાં ઊંડો રસ અને ડાયરાના કલાકાર તરીકેની ભૂમિકા અદા કરનાર શ્રી પી. જી. પારઘીએ એસબીઆઈ ઓફિસર એસોસીએશન, એસબીઆઈ એમ્પ્લોઈઝ યુનિયન, એસબીઆઈ સેવાના હોદ્દેદારો સાથે સમન્વય સાધી આપણા પ્રશ્નોના નિરાકરણ લાવવા અમારી ટીમ સંપૂર્ણ કાર્યરત રહેશે.




**શ્રી સુભાષ પટેલ-વાઈસ પ્રેસિડેન્ટે** તેમના વક્તવ્યમાં એસોસિએશનને વધુને વધુ મજબૂત અને કાર્યશીલ કરવા દરેક જિલ્લા/શહેરના ચૂંટાયેલા અને સ્વયંસેવકોને સાથે લઈ અમારી ટીમે કરેલ વાયદા પૂર્ણ કરશે તેવી ખાત્રી આપી.




પેન્શનર્સ એસોસીએશનના **જોઈન્ટ જનરલ સેક્રેટરીશ્રી ગુણવંત પટેલ** દ્વારા આજની સાધારણ સભામાં નવી ચૂંટાયેલ ટીમનું હૃદયસ્પર્શી સ્વાગત કરેલ અને તમામ પેન્શનર્સ અને ફેમિલી પેન્શનર્સને આપણા એસબીઆઈપીએના સભ્ય બનાવવા માટે આહ્વાહન કરેલ અને ખાસ ફેમિલી પેન્શનર્સને આપણા સભ્યો બનાવવા માટે દરેક પેન્શનરનો સાથ સહકાર માંગેલ. અંતે તેમણે મિટીંગની સફળતા બદલ "આજ કી શામ ચોક્સી અને કમાલ કાદરી કે નામ" જણાવી તેમની વાત પૂર્ણ કરેલ.




એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનના **જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી કાન્તીલાલ પરમાર** દ્વારા તેમના વક્તવ્યમાં જણાવ્યું કે આપ સૌએ અમારામાં મુકેલ વિશ્વાસ અને સંકલ્પને પૂર્ણ કરવા અમે હંમેશા કટિબદ્ધ છીએ. આપનો સાથ, સહકાર અને પ્રેમ મળ્યો તેને જાળવી રાખજો તથા એસબીઆઈપીએની એકતા અને અખંડિતતાને જાળવી રાખવાની જવાબદારી આપણાં સૌની છે. શારીરિક તકલીફો અને તેની સારવારમાં આવતી આર્થિક જવાબદારીને પહોંચી વળવા અને સરળ બનાવવા બેંક દ્વારા રજુ કરવામાં આવેલી મેડીકલ 'બી' પોલિસીનું મહત્વ સમજાવ્યું. વધુમાં અત્યારના સમયમાં હોસ્પિટલોની ખર્ચાળ સારવારને પહોંચી વળવા મેડીકલ 'બી' પોલિસી લેવી અન્યંત જરૂરી છે. તેમ ભારપૂર્વક જણાવ્યું. આવતા વર્ષે રીન્યુઅલ સમયે બેંક દ્વારા ફરીથી રહી ગયેલ પેન્શનરો માટે તક આપવામાં આવે તો બાકી રહેલ તમામ પેન્શનરોને સમજાવી પોલિસી લેવા માટે સહિયારા પ્રયત્નની વાત કરી.



**શ્રી રવિ સોલંકી-ટ્રેઝરર** દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા. જેને સભા દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા. શ્રી એચ. યુ. પંડ્યા-ભાવનગર દ્વારા વાર્ષિક હિસાબોમાં કરવામાં આવેલ સુચનોને ધ્યાનમાં લેવામાં આવશે. વર્ષ ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ માટે ઓડિટર શ્રી નૌતમ વકીલ એન્ડ કું.ની નિમણુંક કરવામાં આવી.



આ સામાન્ય સભામાં સભ્યોની લાગણી અને માંગણી માટે સર્વાનુમતે ઠરાવ મંજુર કરી ફેડરેશન અને મેનેજમેન્ટને રજૂ કરતું આવેદન મંજુર કરવામાં આવ્યું.

એસબીઆઈની પેન્શનર્સ મીટના અદ્ભૂત અને અવિસ્મરણીય કાર્યક્રમમાં એસબીઆઈ પેન્શનર્સ એસો.ના જોઈન્ટ જનરલ સેક્રેટરી **શ્રી કાન્તીલાલ પરમાર** તથા કમિટી સદસ્ય **શ્રીમતી લલીથા ઐયરે** કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું. તે માટે તેમને ખૂબ ખૂબ અભિનંદન.



પેન્શનર્સ એસો.ના **આસિ. ટ્રેઝરર શ્રી જગતભાઈ પટેલ** દ્વારા આજની સભામાં ઉપસ્થિત આમંત્રિત મહેમાનો તેમજ તમામ પેન્શનરોનો દિલથી આભાર માન્યો. તથા આજના કાર્યક્રમને સફળ બનાવવામાં સુંદર ભોજનની વ્યવસ્થા કરનાર શ્રી ગણેશ કેટરર્સ, સ્ટેજ સજાવટ તથા મિટીંગને શુશોભિત કરનાર એ.બી. લિંક તેમજ પ્રિન્ટીંગની જવાબદાર સંભાળનાર પ્રિન્ટ વીઝન પ્રા.લી., પંડિત દિનદયાલ હોલના મેનેજમેન્ટ તેમજ ગીત-સંગીતની મોજ કરાવનાર શ્રી પવનકુમાર મટ્ટા, શ્રી કૈલાસ બુધોરી તથા તેમની દિકરી તમામ વોલિયન્ટર્સ અને પ્રત્યેક કે પરોક્ષ રીતે સહયોગ આપનાર તમામનો આભાર વ્યક્ત કરેલ. સાથે ઓફિસ સ્ટાફ શ્રી હિતેશ દવે અને શ્રી રમેશભાઈ ડોડીયાનો આભાર વ્યક્ત કરેલ.



એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશનના આમંત્રણને સ્વીકારી પેન્શનર્સ મીટ અને વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત SBIOA ના પ્રેસિડેન્ટ શ્રી નીલેશ રાડીયા, SBIEU ના પ્રેસિડેન્ટ શ્રી કિશોર ઘટાડ, SBIEUના પૂર્વ જન. સેક્રેટરી સર્વશ્રી રામુ પંડીત, એસ. એ. કાદરી, હેમંત આચાર્ય, અજય બદાની, રાજુ સરવૈયા, પૂર્વ પ્રેસિડેન્ટ સર્વશ્રી યુ. ડી. પટેલ, અરવિંદ પટેલ, ભરતસિંહ ચૌહાણ, SBIOAના પૂર્વ જન. સેક્રેટરી સર્વશ્રી દિપકભાઈ સોલંકી, અશોકભાઈ રિંડાણી, પિનાકીનભાઈ બ્રહ્મભટ્ટ પૂર્વ પ્રમુખ : જે. સી. મોદી તથા અન્ય હોદ્દેદારો સર્વશ્રી બી. પી. જાગાણી, એલ. સી. બોરડ, કે. સી. પંડ્યા, લલીતભાઈ સોલંકી તથા બેંકના નિવૃત્ત ડીએમડી, ડીજીએમ, એજીએમ, સીએમ, ડે. મેનેજર, યુનિયન અને એસોસીએશનના અન્ય હોદ્દેદારો વિગેરે ઉપસ્થિત રહ્યાં હતા. આ સર્વે મહેમાનોનો દિલથી આભાર વ્યક્ત કરીએ છીએ.

## ભરૂચ મિટીંગ



ભારતની સૌથી મોટી બેંક અને આપણી માતૃસંસ્થા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો સ્થાપના દિવસ તા. ૧-૭-૨૦૨૩ના રોજ ભરૂચ ખાતે ભરૂચ અને નર્મદા જિલ્લાની પેન્શનર્સ મીટનું આયોજન કરવામાં આવેલ. આ મિટીંગમાં એજીએમ શ્રી રવિશકુમાર સિંહા અને મેનેજર એચ.આર. શ્રી મનોજ ખત્રી ઉપસ્થિત રહ્યાં હતા. એસબીઆઈપીએના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી અને જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીની સાથે અન્ય હોદ્દેદારો સર્વશ્રી પી. જી. પારઘી, સુભાષ પટેલ, આર. આર. દેસાઈ, જગત પટેલ, ભરતસિંહ ચૌહાણ, હેમંત આચાર્ય એ. કે. બથવાર, જોરસંગભાઈ પરમાર, પ્રવિણભાઈ વૈદ્ય, યુનિયનમાંથી શ્રી મોઈઝ બારદાનવાલા, શ્રી બળદેવભાઈ મિસ્ત્રી, શ્રી રાજેશ પઢિયાર, શ્રી દિનેશ શાહ વગેરેની ઉપસ્થિતિમાં ૭૦ વર્ષની ઉપરની વયના પેન્શનરોનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન શ્રી યોગેશ મહેતાએ કર્યું હતું.

## અમદાવાદ સર્કલનું ગૌરવ

**ફેડરેશન ઓફ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશનની ગવર્નીંગ બોડી અને ૩૭મી વાર્ષિક સાધારણ સભા તા. ૧૬ અને ૧૭ ઓગષ્ટના રોજ ગાંધીનગર મુકામે યોજાવા જઈ રહી છે. આ પ્રસંગે ફેડરેશન દ્વારા આપણાં સર્કલને આ મિટીંગ યોજવાની તક આપવામાં આવી એ આપણી ટીમ SBIPA અમદાવાદ સર્કલ માટે ગૌરવની વાત છે.**


SBI

**DENTAL CARE IMPLANT AND LASER CENTER**

**DR.DEVAL TRIVEDI**

MDS PERODONTIST IMPLANTOLOGIST AND LASER SURGEON

**ALL DENTAL TREATMENT AND FACILITES ARE AVAILABLE WITH ADVANCE TECHNOLOGY**

Address:-9,ground floor,Primate Building,Opp.Mother Milk Palace, Judges bungalow road,bodakdev
Mobile no:- 9974367802
Clinc Timings:- Monday to Saturday 10:00 AM to 3:00 PM
*Sunday by appointments only. Email I'd:-drdevaltrivedi@gmail.com

**NOTE:- FREE CONSULTATION FOR ALL SBI PENSIONERS and SBI EMPLOYEES**
SPECIAL DISCOUNT ON ALL DENTAL TREAMENT FOR SBI PENSIONERS,SBI Employees AND THIER FAMILY MEMBERS,AHMEDABAD


**OUR ACCOUNT DETAILS FOR REMITTANCE**

Name : **SBI PENSIONERS ASSOCIATIONS**
A/c. No. : **30855862333**
IFSC Code : **SBIN 0000301**
Branch : **SBI AHMEDABAD MAIN BRANCH**

**ઓન લાઈન અથવા ચેક દ્વારા રકમ જમા કરાવી શકશો.**

**રિમાર્ક્સ કોલમમાં PF નંબર અવશ્ય લખવો**

**એસબીઆઈ પેન્શન્શનર્સ એસોસીએશનની**

**નવી ઓફિસનું સરનામું**

**એસબીઆઈ ઝોનલ ઓફિસ**
**ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય,**
**આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫**


Eye-care Hospital
ફ્રી
આંખની
તપાસ
દર ગુરુવારે
SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
(અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત)
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
PRE ACCREDITED
• CATARACT • GLAUCOMA
• LASIK • RETINA
• CORNEA • OCCULOPLASTY
આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન
ડૉ. શશાંક રાઠોડ ડૉ. શ્યામલ રાવલ
ડૉ. આંશી રાઠોડ
સમય : સવારે 9.00 થી 12.00,
બપોરે 3.00 થી સાંજે 6.30 વાગ્યા સુધી
Eye-care Hospital
પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫
ફોન : ૯૮૨૪૦૮૬૬૧૧
www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com

તેજ આઈ સેન્ટર

સુપર સ્પેશિયાલિટી આંખની હોસ્પિટલ

ઓપ્ટિકલ

રેટિના | ઝામર | લેસિક
ઓપ્ટિકલ | કેટરેક્ટ

# ડૉ. તેજલ દલાલ

**એમ.એસ. (ઓપ્થલ)**

**અમેરિકન સોસાયટી ઑફ કેટરેક્ટ એન્ડ રીફ્રેક્ટીવ સર્જરીના સભ્ય**



# તેજ આઈ સેન્ટર

**મોતિયાની અને આંખના પડદાની હોસ્પિટલ**

Google Reviews

4.8/5 Star Rating

## 100% Cashless Facility

વિશ્વશ્રેષ્ઠ ઓઝિલ ટેકનોલોજી દ્વારા મોતિયાના ઓપરેશન | આંખના પડદાની તપાસ અને સારવાર
ચશ્માના નંબર દૂર કરવા માટે અદ્યતન લેસર ટેકનોલોજી | ઝામરનું અદ્યતન સાધન દ્વારા નિદાન અને સારવાર
ઓપ્ટિકલ સોલ્યુશન | ચશ્માના નંબરની કોમ્પ્યુટરાઇઝડ તપાસ અને ચશ્માની વિશાળ શ્રેણી
કીકીના પ્રત્યારોપણની સુવિધા

## આંખની સંપૂર્ણ તપાસ અને વિશ્વશ્રેષ્ઠ ટેકનોલોજી દ્વારા સારવાર

**SBI, eSBI પેન્શનર્સ અને તેમના Spouse ને**
**નિ:શુલ્ક કન્સલટેશન તેમજ સંપૂર્ણ કેશલેસ સુવિધા ઉપલબ્ધ**

૨૦ વર્ષમાં ૫ લાખથી વધુ લોકોનો વિશ્વાસ

૫૦,૦૦૦ થી વધુ સફળ મોતિયાના ઓપરેશન

અમદાવાદની શ્રેષ્ઠ આંખની હોસ્પિટલ TOI હેલ્થ સર્વે ૨૦૧૬

# તેજ આઈ સેન્ટર

તેજ આઈ સેન્ટર

સુપર સ્પેશિયાલિટી આંખની હોસ્પિટલ

ઓપ્ટિકલ

રેટિના | ઝામર | લેસિક
ઓપ્ટિકલ | કેટરેક્ટ

**ગાંધીનગર**
- પ્લોટ નં. ૧૫૫૪, અપના બજાર પાસે, સેક્ટર-૬. (M) 9924088500
- ૯૭૧/૧, સેક્ટર-૭ સી, ઘ-રોડ, મેઈન બસ ડેપો સામે (M) 9924088500

**વિજય ચાર રસ્તા**
- ગ્રાઉન્ડ ફ્લોર, શ્યામગોકુલ કોમ્પ્લેક્ષ, મનન મારૂતિ શોરૂમ પાસે મો.: 9727751120

**ચાંદખેડા**
- ગ્રાઉન્ડ ફ્લોર, એરોન એલિગન્સ, ન્યુ સી.જી. રોડ, ચાંદખેડા (M) 9687632140

**કલોલ**
- ૧-૨-૩, ગ્રાઉન્ડ ફ્લોર, કુશાલ કોમ્પ્લેક્ષ, સરદાર બાગ પાસે, વર્ધમાન નગર મો.: 7575003725

NABH PRE ACCREDITED

contact@tejeyecenter.com www.tejeyecenter.com Tej Eye app | FREE HELPLINE 08046878307




*With Best Compliments*

*from*

## Dr. Manjit Sing Bhalla

**Dental Surgeon (B.D.S.)**

to

**SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE**

**Bhalla Dental Clinic and Implant Centre**

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:**+91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744

**(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm**

**Note : Free Consultation for All SBI Pensioners**




## પ્રભુશરણ

| નં. | પી.એફ.નં. | નામ | સેન્ટર | મોબાઈલ |
|---|---|---|---|---|
| ૧. | ૧૭૦૩૧૩૭ | અરવિંદકુમાર યુ. વ્યાસ (સ્વ. ૦૩-૦૭-૨૦૨૩) | અમદાવાદ | ૯૮૯૮૧ ૫૨૪૨૮ |
| ૨. | ૧૭૧૬૧૮૨ | ડાહ્યાભાઈ પુંજાભાઈ પરમાર (સ્વ. ૩૦-૦૬-૨૦૨૩) | અમદાવાદ | ૯૮૨૪૨ ૭૫૪૭૫ |
| ૩. | ૫૧૯૮૭૫૫ | નરસિંહભાઈ ખોડાભાઈ રાઠોડ (સ્વ. જૂન-૨૦૨૩) | ભાવનગર | ૭૦૧૬૯ ૧૨૯૬૫ |
| ૪. | ૫૨૦૭૬૧૪ | વસંતબેન રઘુવીરભાઈ ગોહિલ (સ્વ. જૂન-૨૦૨૩) | ભાવનગર | ૯૩૭૭૨ ૦૧૧૦૯ |
| ૫. | ૫૦૭૬૯૮૦ | યોગેન્દ્રકુમાર અમનસુખલાલ મેહતા (સ્વ. ૯-૦૫-૨૦૨૩) | ભાવનગર | ૯૮૯૮૬ ૪૪૦૦૯ |
| ૬. | નોન મેમ્બર | ચંદ્રકાન્ત જયશંકર રાવલ (સ્વ. ૯-૦૫-૨૦૨૩) | ભાવનગર | ૯૩૨૭૭ ૮૭૮૭૮ |
| ૭. | ૭૦૯૨૬૩ | મનોરમાબેન રવજીભાઈ પટેલ (સ્વ. ૦૨/૦૭/૨૦૨૩) | અમદાવાદ | ૯૭૨૬૯ ૩૭૦૦૭ |
| ૮. | ૭૪૩૯૮૪ | કિરીટભાઈ એમ. પટેલ (સ્વ. ૧૨-૦૭-૨૦૨૩) | અમદાવાદ | ૯૪૨૭૧ ૬૧૮૧૦ |
| ૯. | ૫૧૭૫૪૫૩ | વસંતરાય શિવશંકર મહેતા (સ્વ. ૦૨/૦૭/૨૦૨૩) | ભાવનગર | ૯૪૨૭ ૯૩૧૭૧ |
| ૧૦. | ૭૩૬૫૬૨ | દિનેશચંદ્ર ટી. મિસ્ત્રી (સ્વ. ૧૩/૦૭/૨૦૨૩) | પેટલાદ | ૯૪૨૮૫ ૬૪૩૫૩ |
| ૧૧. | ૩૫૩૭૭૨૨ | હસમુખલાલ સોમાભાઈ રાવલ (સ્વ. ૧૭/૭/૨૦૨૩) | ચાણસ્મા | |
| ૧૨. | | પ્રબોધકુમાર કાળીદાસ વોરા (સ્વ. ૨૦/૭/૨૦૨૩) | અમદાવાદ | |

પ્રભુ સર્વે સદ્‌ગતના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

**ખાસ સુચના :** એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન, અમદાવાદ દ્વારા દર મહિને નિયમિત રીતે પેન્શનર્સ પ્રકાશ મોકલવામાં આવે છે છતાં ઘણાં સભ્યોને પેન્શનર્સ પ્રકાશ મળતા નથી તેવી ફરીયાદો મળે છે. તો આપ સૌ મેમ્બર્સને જણાવવાનું કે આપના નજીકની પોસ્ટ ઓફિસનો સંપર્ક ૨૮મી તારીખ પછી અને ઓફિસનો સંપર્ક ૧૦ તારીખ પછી કરવો. જેથી તમને સમયસર પેન્શનર્સ પ્રકાશ મળી શકે. સંપર્ક માટે ફક્ત વોટ્સએપ મેસેજ મોકલવો. **વોટ્સએપ નંબર : ૯૯૯૮૨૬૫૧૫૮**


**10 Year SIP PERFORMANCE (SIP@10,000/- Month)**

| Scheme Name | Investment Value | Current Value | Return (%CAGR) |
|---|---|---|---|
| SBI Small Cap Fund | 12,00,000 | 42,33,416 | 24.14% |
| SBI Magnum MidCap Fund | 12,00,000 | 31,35,608 | 18.52% |
| SBI Contra Fund | 12,00,000 | 28,12,425 | 16.48% |
| SBI Large & Midcap Fund | 12,00,000 | 27,78,733 | 16.25% |
| SBI Magnum Global Fund | 12,00,000 | 26,52,377 | 15.37% |

**SBI Magnum Children Fund**

| | | | |
|---|---|---|---|
| Invt Dt. 29/09/2020 | 1,00,000 | 2,42,000 | 48.91% |

**AMARISH R SHAH (SBI RETIRED EMPLOYEE)**
**POOJA INVESTMENT & FINANCIAL CONSULTANCY**
G/22,HEMKOOT BLDG.,NR. GANDHIGRAM RLY STATION, ASHRAM ROAD, AHD - 9.
(P) 079 - 26581394 (M) 9327008653 , 9978908869.
Contact for Mutual Funds, Company FDs, Capital Gain Bonds, Term Insurance & Medicalim.

*MUTUAL FUND INVESTMENT IS SUBJECT TO MARKET RISK.PLEASE READ OFFER DOCUMENT BEFORE INVESTING.

(JCI) USA

Marengo CIMS Hospital

ACC
International
Centers Of Excellence

# સાંભળો વાત દિલની

## —કરો નિષ્ણાતો પર વિશ્વાસ—



## ભારતની સૌથી મોટી અને નિષ્ણાત હાર્ટ કેર ટીમમાંની એક

પ્રથમ હરોળ ડાબે થી જમણે : ડૉ. વિપુલ આહિર | ધન્યતા ધોળકિયા | ડૉ. ચિંતન શેઠ | ડૉ. બિરેન ભાવસાર | ડૉ. નિકુંજ વ્યાસ | ડૉ. શૌનક શાહ | ડૉ. ધીરેન શાહ
ડૉ. ધવલ નાયક | ડૉ. અમિત ચંદન | ડૉ. પ્રણવ મોદી | ડૉ. કિશોર ગુપ્તા | ડૉ. હિરેન ધોળકિયા | ઉલ્હાસ પઢિયાર | આકાશ રાજાવત | ડૉ. ગુણવંત પટેલ

બીજી હરોળ ડાબે થી જમણે : ડૉ. તેજશ વી. પટેલ | ડૉ. સત્યા ગુપ્તા | ડૉ. ઉર્મિલ શાહ | ડૉ. અનિશ ચંદારાણા | ડૉ. કેયૂર પરીખ | ડૉ. મિલન ચગ
ડૉ. અજય નાઈક | ડૉ. હેમાંગ બક્ષી | ડૉ. હિરેન કેવડીયા | ડૉ. વિપુલ કપૂર | ડૉ. કશ્યપ શેઠ

**SBI પેન્શનર્સ એશોસિયેશન ના સભ્યો માટે ખાસ ઓપીડી ડિસ્કાઉન્ટ***

**25%*** ડિસ્કાઉન્ટ
કન્સલટેશન
(**SBI**ના ચાર્જ પર)

**20%*** ડિસ્કાઉન્ટ
ડાયગ્નોસ્ટીક
(હોસ્પિટલના ચાર્જ પર)

**10%*** ડિસ્કાઉન્ટ
ફાર્મસી

ડિસ્કાઉન્ટ ઓફર ઓગસ્ટ ૩૧, ૨૦૨૩ સુધી માન્ય. | SBI નું ઓળખકાર્ડ સાથે લાવવું જરૂરી

**મેરિંગો સિમ્સ હોસ્પિટલ**
ઓફ. સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ - 380060
Email : info@cims.org | www.cims.org

JCI (USA) NABH

**અપોઈન્ટમેન્ટ માટે ફોન**
**1800-309-9999**
TIME - 9:00 AM - 7:00 PM (MON TO SAT)


SBI | HOME LOANS
ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરો,
આજે જ!
તમારું પહેલું પગલું લો અમારી સાથે.
સોલાર રૂફટૉપ ફાઈનાન્સ સાથેની એસબીઆઈ હોમ લોન માટે અરજી કરો.
સ્પર્ધાત્મક વ્યાજ દર
કોઈ છુપા ચાર્જિસ નહીં
ઓછી પ્રોસેસિંગ ફી
સહાયતા માટે કૉલ કરો: 1800 11 2018 | અહીં મુલાકાત કરો: homeloans.sbi
Azadi Ka Amrit Mahotsav
આ ઉત્પાદન નીચે જણાવેલ એસડીજી સાથે જોડાયેલ છે
અને સ્થાયી ભારત માટે યોગદાન આપે છે.
અમને અહીં ફોલો કરો

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023


## આંખનાં રતનની કાળજી

**ડો. પ્રતાપ દેસાઈ, એમ.એસ. (ઓપ્થોલમોલોજી)**
સિનિયર મેડીકલ ઓફીસર, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, અમદાવાદ. એલ.એચ.ઓ.

ડો. હેમાક્ષી પી. દેસાઈ એમ.એસ. (ઓપ્થોલમોલોજી)
ડો. સુરોહી શાહ એમ.એસ. (ઓપ્થોલમોલોજી)

ક્લિનિકઃ ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ય, આઈઓસી પેટ્રોલ પંપ પાસે,
ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
**એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭**
મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૬.૩૦

ચશ્માના નંબર ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર,
સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪
સમયઃ સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

વર્ષ ૨૦૦૨ થી આંખોના સર્જન તરીકે ડો. દેસાઈ બેન્ક માન્ય ડોક્ટર છે.
ડો. દેસાઈની આઈ હોસ્પિટલ રક્ષા ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે.


(PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી.)

એસ.બી.આઈ. અને ઈ-એસ.બી.આઈ. પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિઃશુલ્ક કન્સલ્ટેશન સેવા આપે છે.

બેન્કના નવા ઓપરેશન પેકેજ પ્રમાણે મોતીયાનું ઓપરેશન કરે છે.

ફિક્સ પેકેજ ચાર્જીસ સિવાય વધારાના કોઈપણ ચાર્જ લેવાતા નથી.

પ્રકાશની મઝા ન હોય, હોય જો તે ઝાંખો, મનુષ્યની પરખ છે તેની તેજસ્વી આંખો.





**મંથલી મિટીંગ :** ઓગસ્ટ મહિનાની મંથલી મિટીંગ તા.૨૩-૮-૨૦૨૩ને બુધવારે બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, લોકલ હેડ ઓફિસ, ભદ્ર અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
e-mail: gujpension@gmail.com • whatsapp no. 99982 65158
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**પેન્શનર્સ પ્રકાશ • વર્ષ - ૧૬ • અંક : ૭ • પ્રકાશન તા. ૨૬-૦૭-૨૦૨૩**
**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015

Editor : Kamal Kadri Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel

If undelivered please return to :
• પ્રકાશન સ્થળ •
**એસબીઆઈ ઝોનલ ઓફિસ**
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫